# હવામાન વિભાગની આગાહીને લઈને વાતાવરણમાં પલ્ટો

**જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં વાતાવરણમાં પલ્ટો : વાદળછાયુ વાતાવરણને લઈને ધરતી પુત્રોના જીવ તોરણે બંધાયાઃ શાકભાજી, વરિયાળી, જીરૂ, કપાસ સહિતના પાકોને નુકસાનની ભીતિ : સવારથી ધુમ્મસ અને વાદળછાયુ વાતાવરણ**




પ્રાંતિજ તા.૨૧

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકા મા સવાર થીજ ધુમ્મસ અને વાદળછાયા વાતાવરણ રહેતા ધરતી પુત્રો મા ચિંન્તા ના વાદળો જોવા મલ્યા છે તો હવામાન વિભાગ ની બે દિવસ ની આગ્રહી ને લઈ ને વાતાવરણ મા પણ પલ્ટો જોવા મલ્યો હતો.

હવામાન વિભાગ ની આગ્રહી ને લઈ ને ફરી વાતાવરણ મા પલ્ટો જોવા મલ્યો હતો અને ભર શિયાળે ફરી કમોસમી વરસાદ પડે જેવો ધાટ ધડાયો હતો ઠંડી-ગરમી અને વાદળછાયુ વાતાવરણ ઉભુ થતા વરિયાળી , જીરૂ , કપાસ, તથા ફલાવર , કોબીજ અને શાકભાજી ના પાકો ઉપર નુકસાન ની ભીતિ સેવાઈ રહી છે ત્યારે પ્રાંતિજ મા ખાસ કરી ને શાકભાજી મા ફલાવર-કોબીજ ની ખેતી થાય છે અને હબ ગણાય છે ત્યારે આ વર્ષે ઉપરા ઉપરી માવઠા હવામાન મા પલ્ટો આવતા કમોસમી વરસાદ ને લઈ ને ખેડુતો ને ખેતી મા લાખ્ખો રૂપિયા ની નુકસાની સહન કરવાનો વારો આવ્યો હતો અને ફરી પાક તૈયાર થવાના આરે છે ત્યારે હવામાન વિભાગ ની આગ્રહી ના પગલે ફરી વાતાવરણ મા પલ્ટો આવતા ધરતીપુત્રો મા માવઠા ને લઈ ને ચિંન્તા ના વાદળો જોવા મલી રહ્યા છે ત્યારે જો કમોસમી વરસાદ પડશે તો ફરી ખેડૂતો નો તૈયાર થયેલ પાક ઉપર પાણી ફરી વળશે અને ખેડૂતોને રોવા નો વારો આવશે ત્યારે આજે વહેલી સવારથીજ ધુમ્મસ અને વાદળછાયુ વાતાવરણ રહેતા ધરતી પુત્રો મા ચિંન્તા ના વાદળો જોવા મલ્યા છે.

## ભિલોડામાં સુપર- ૩૦ બેચના વર્ગ શરૂ થયા

ભિલોડા,તા.૨૧

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાની સુપર-૩૦ બેચનો વર્ચ્યુઅલ માધ્યમથી જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલના અધ્યક્ષ સ્થાને અને નાયબ જી.પ્રા.શિ. સમીરભાઈ પટેલની ઉપસ્થિતિમાં શુભારંભ કરવામાં આવ્યો હતો.

ભિલોડા બી.આર.સી કો.ઓ. પંકજભાઈ ચૌહાણ દ્વારા ભિલોડા નજીકના ગામોની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા કુલ-૩૦ બાળકોએ સત્રાંત પરીક્ષા અને એકમ કસોટીઓમાં આવેલ ગુણના આધારે પસંદગી કરી,આ વર્ગ શરૂ કરવામાં આવેલ બેંચમાં તાલુકાના જ વિષય નિષ્ણાંત શિક્ષકો દ્વારા શનિવાર સાંજે ૩ થી ૬ અને રવિવારે સવારે ૯ થી ૧૨ એમ અઠવાડિયાના ૭ કલાક વિશેષ માર્ગદર્શન આપવામાં આવશે તેમ જણાવ્યું હતું.


પ્રતિભાશાળી બાળકો ધોરણ-૬ થી જ ભાવિ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળ બની ઉજ્જ્વળ કારકિર્દીનું નિર્માણ કરી શકે એ હેતુ થી જી.પ્રા.શિ.ની પ્રેરણા થી શરૂ થયેલ આ ભગીરથ કાર્યમાં તાલુકાના સી.આર.સી.કો.ઓ., તજજ્ઞ ફેકલ્ટીઝ,વાલીઓ, સુપર-૩૦ બેંચના વિદ્યાર્થીઓ ૈસ્ઠર્જિક્ીટ્ઠદ્ભજ ના માધ્યમથી ઉત્સાહપૂર્વક જોડાયા હતા. બી.આર.સી.કો.ઓ.એ સ્વાગત પ્રવચન તેમજ જી.પ્રા.શિ. સમીરભાઈએ આ પ્રસંગે પ્રેરક માર્ગદર્શન પૂરૂ પાડયું હતું.હાલમાં કોરોનાની પરિસ્થિતિને ધ્યાને રાખી સુપર - ૩૦ નો વર્ગ ઓનલાઈન ચાલશે પરંતુ સમયાંતરે ઓફ લાઈન વર્ગો શરૂ કરવામાં આવશે જેમાં અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનના વિષયોની સાથે-સાથે જનરલ નોલેજ વિશેનું જ્ઞાન બાળકોને આપવામાં આવશે તેમ જણાવ્યું હતું.

## મોડાસા તાલુકાના શિક્ષકોના ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવામાં ભેદભાવની નીતિ

મોડાસા, તા. ૨૧

મોડાસા તાલુકા પંચાયત શિક્ષણ શાખા હંમેશા કોઈને કોઈ પ્રકારે ચર્ચામાં જ રહે છે અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોના પ્રશ્નોનો જલ્દી ઉકેલ થાય તેમજ શિક્ષકોને ઉચ્ચતર પગાર ધોરણ સીનીયોરીટી પ્રમાણે મળતા રહે તે હેતુસર જિલ્લાના જુદા-જુદા તાલુકાઓમાં ઉચ્ચતર પગાર ધોરણના તાલુકા દીઠ કેમ્પ યોજવામાં આવી રહ્યા છે.

મોડાસા તાલુકાના ફરેડી ગામની પ્રાથમિક શાળાના શિક્ષિકા નીલાક્ષીબેન પટેલે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને લેખિતમાં રજૂઆત કરી છે કે તેઓના ઉચ્ચતર પગારધોરણ બાબતે તાલુકા પંચાયત શિક્ષણ શાખામાં ભેદભાવની નીતિ રાખવામાં આવી રહી છે તેમને લેખિત અરજીમાં જણાવ્યું છે કે શિક્ષણ શાખા દ્વારા તેમની ઉચ્ચત્તર પગાર ધોરણની દરખાસ્ત મંજૂર કરવામાં આવી નથી તેમના પછીના નોકરીમાં લાગેલા કેટલાય શિક્ષકોની ઉચ્ચત્તર પગાર ધોરણની ફાઈલ મંજૂર થઈ ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે આ બાબતે તેઓએ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી ખાતે પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે તેઓનું સ્ટીકર આવ્યું ન હોવાથી તેમની દરખાસ્ત મંજૂર થઈ શકી નથી. પ્રાથમિક શિક્ષકોના સ્ટીકર ઓનલાઈન કરવાની કામગીરી તાલુકા પંચાયત શિક્ષણ શાખા ની હોય છે જો એમના પછીના નોકરી લાગેલા શિક્ષકોના સ્ટીકર આવી ગયા હોય તો આ શિક્ષિકાનું



સ્ટીકર કેમ નથી આવ્યું તે એક પ્રશ્ન છે. વધુમાં તાલુકા પ્રાથમિક શિક્ષક આલમમાં ચર્ચાઈ રહ્યા પ્રમાણે ભૂતકાળમાં તાલુકા પંચાયત શિક્ષણ શાખામાં કામ કરતા કેટલાક વચેટીયાઓ પોતાના સગા સંબંધીઓ તેમજ નજીકના મિત્રો સિનિયોરીટીમાં ન આવતા હોવા છતા તેમની ઉચ્ચત્તર પગાર ધોરણની દરખાસ્તો વચ્ચે ઘુસાડી દેવામાં આવીછે જેથી કરીને લાભ લેવાપાત્ર શિક્ષકો સિનિયોરીટી માં આવતા હોવા છતાં કોઈને કોઈ પ્રકારે તેમની દરખાસ્તો સાઈડ પર કરી દેવામાં આવે છે આ બાબતે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા મોડાસા તાલુકા પંચાયત શિક્ષણ શાખામાંથી આજ દિન સુધીની ગાંધીનગર મોકલાવેલી શિક્ષકોની સર્વિસબુક સિનિયોરીટી પ્રમાણે મોકલવામાં આવી છે કે નહીં તેની તપાસ કરવામાં આવે તેમ શિક્ષક આલમ રહ્યું છે.

## ધાનેરામાં આવેલ જનસુવિધા કેન્દ્રમાં કોરોના ગાઈડલાઈનના ધજીયા ઉડતા જોવા મળ્યા

**સરકારી કર્મચારીઓ પણ માસ્ક વગર જોવા મળ્યા**

ધાનેરા તા. ૨૧

ધાનેરા મા દિનપર્તી દિન કોરોનાં કેસોમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. જેથી સરકાર ગાઈડલાઈન ના પાલન નો આદેશ આપેલ છે. ત્યારે ધાનેરા માં આવેલ જનસુવિધા કેન્દ્ર માં સરકારી કર્મચારીઓ અને લોકો ખુલ્લેઆમ માસ્ક પહેર્યા વગર સરકારી કચેરીમા જોવા મળી રહ્યા છે.



આ અંગે અમારા ધાનેરા ના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, કોરોના ગાઈડ લાઈન ના નિયમો ના ધજીયા ઉડતા જોવા મળ્યા હતા. સરકારી કર્મચારીઓ અને લોકો મીડિયા નાં કેમેરો જોતાજ પોતાનુ માસ્ક પણ આમતેમ ગોતવા માંડ્યા હતા .પરંતુ જ્યારે કોઈપણ અરજદાર જ્યારે સરકારી કચેરીમાં કે પછી બજારમાં માસ્ક વગર ફરે છે. ત્યારે તેમની પાસેથી માસ્ક નાં નામે દંડ ઉઘરાવવામાં આવે છે પરંતુ જ્યારે સરકારી કચેરીઓ માં કોરનાનો કોઈ ડર નથી કે પછી તેમને કોઈ નીતિ નિયમો લાગુ પડતાં નથી. બધાં નિયમ માત્ર લોકો માટે જ છે પરંતુ સરકારી કર્મચારીઓ માસ્ક વગર ફરતા ઉચ્ચ અધિકારીઓ કાર્યવાહી કેમ કરતા નથી તેવાં અનેક પ્રકારના લોકો માં સવાલો ઉઠતા લોકા માં ચર્ચા નો વિષય બન્યો હતો શુ ઉચ્ચ અધિકારી આ બાબતે દયાન આપશે?

## શ્રીનગરમાં ભિલોડાના રામપુરી ગામના સીઆરપીએફ જવાનનું અગમ્ય કારણોસર મોત

**મૃતદેહ માદરે વતનમાં લવાયો : અંતિમ સંસ્કાર સલામી આપી કરાયા**




ભિલોડા,તા.૨૧

ભારત દેશના જમ્મુ કાશ્મીર રાજ્યના શ્રીનગરમાં ભિલોડા તાલુકાના રામપુરી ગામના સી.આર.પી.એફ જવાનનું અગમ્ય કારણોસર મોત નિપજ્યું હતું. જવાનનો મૃતદેહ માદરે વતન રામપુરી ગામમાં અંતિમ સંસ્કાર માટે લવાતા સી.આર.પી.એફના જવાનો, રાજકીય, સામાજિક કાર્યકરો સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પરિવારજનો અને સગાં-સંબંધીઓ હૈયાંફાટ રૂદન કરતા હતા. અરવલ્લી જીલ્લા પંચાયત,સદસ્ય સુભાષભાઈ તબીયારએ જણાવ્યું હતું કે ભિલોડા તાલુકાના રામપુરી ગામના મુળ વતની ભરતભાઈ નાથુભાઈ તબીયાર,(આશરે ઉંમર વર્ષ-૪૩) (સી.આર.પી.એફ જવાન) જમ્મુ કાશ્મીર રાજ્યના મુખ્ય પાટનગર શ્રીનગર ખાતે ફરજ બજાવતા જવાનનું અગમ્ય કારણોસર મોત નિપજ્યું હતું.

માં ભોમની રક્ષા કરવા માટે રામપુરી ગામના યુવાન સી.આર.પી.એફમાં વર્ષોથી જોડાયા હતા.મૃતક જવાનના પત્ની અને બે બાળકો સહિત પરીવારજનો ચોંધાર આંસુએ પોંક મુકીને કલ્પાંત કરતા હતા.રામપુરી ગામમાં ધેરો શોક છવાયો હતો.

## ડીસાના માલગઢમાં ત્રણ રસ્તાઓ અને શેડનું ધારાસભ્યના હસ્તે લોકાર્પણ અને ખાત મુહૂર્ત કરાયું




ડીસા, તા. ૨૧

ડીસા તાલુકાના માલગઢ ગામના મુખ્ય ત્રણ રસ્તાઓ નવા ડામર રોડ અને વડાવળ પાટીયા નજીક નવો શેડ માટે ધારાસભ્યની ગ્રાન્ટમાંથી રૂ. ૪.૩૦ કરોડ મંજૂર કર્યા હતા. જેમાં માલગઢ નેશનલ હાઈવેથી પુનમાજી ઢાંણી પ્રાથમિક શાળા સુધી રસ્તાનું ખાત મુહૂર્ત, નેશનલ હાઈવેથી (શિવ હોટલ) ગોગા ઢાંણી સુધી રસ્તાનું ખાત મુહૂર્ત, વડાવળ હાઈવેથી ગાયત્રી ડેરી સુધી રસ્તાનું ખાત મુહૂર્ત અને વડાવળ પાટીયા નજીક નવા શેડનું ગુરૂવારે વાજતે-ગાજતે ડીસાના ધારાસભ્ય શશીકાન્તભાઈ પંડયાના વરદ હસ્તે લોકાર્પણ અને વિવિધ વિકાસલક્ષી રસ્તાઓનું ખાત મુહૂર્ત કરાયું હતું. ગ્રામજનોએ ધારાસભ્યને ફૂલહાર સાથે પાઘડી પહેરાવી તલવાર આપી વિશેષ સન્માન કરાયું હતું. જ્યારે ૭૦ વર્ષ જૂના રસ્તાઓ હવે નવા ડામરવાળા ધારાસભ્યના પ્રયત્નોથી બનશે જેથી ગ્રામજનોએ આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે માલગઢ પૂર્વ સરપંચ માલગઢ નવનિયુક્ત સરપંચ બનાસકાંઠા જીલ્લા ભાજપ ઉપપ્રમુખ કૈલાશભાઈ વી. ગેલોત, અગ્રણીઓ, ભાઈ-બહેનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ભારતીય બનાવટના વિદેશી દારૂ મુદ્દામાલ સાથે આરોપીને પકડી પાડતી એલસીબી બનાસકાંઠા



ધાનેરા તા. ૨૧

આઈ.જી.પી શ્રી જે આર મોથલીયા સાહેબ બોર્ડર રેન્જ, ભુજ તેમજ બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી તરૂણ દુગ્ગલે જિલ્લામાં દારૂ/જુગારની પ્રવૃત્તિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતાએચ. પી. પરમાર પોલીસ ઈન્સ્પેકટર તથા આર.જી. દેસાઈ હેડ. કોન્સ ઈશ્વરભાઈ, તથા અર્જુનસિંહ, ઓખાભાઈ તથા પો.કોન્સ પ્રકાશચંદ્ર નાઓ ધાનેરા પોસ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત મેળવી શેરગઢ ગામની સીમમાંથી એક **RITZ** ગાડી GJ-01-KR-6944 માંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ ૭૬૮/- કિ.રૂ.૯૮,૮૯૨/- ના મુદ્દામાલ સાથે કમલેશભાઈ બાબુભાઈ વિશ્નોઈ રહે કરડા તા રાણીવાડા વાળાઓ પકડાઈ જઈ તથા અનુપભાઈ લક્ષ્મણભાઈ વિશ્નોઈ રહે ભાટીબ તા રાણીવાડા વાળાએ દારૂ ભરાવી RITZ ગાડી GJ-01-KR-6944 કિ.રૂ. ૨૦૦૦૦૦/- સાથે કુલ કી.રૂ. ૨,૯૮,૮,૯૨/- ના મુદ્દામાલ સાથે મળી આવતા તેમાંના વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ મુજબ ધાનેરા પોલીસ સ્ટેશને કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

### ધાનેરા તાલુકા સંધના ચેરમેન વાઈસ ચેરમેનની બિનહરીફ વરણી

ધાનેરા તા. ૨૧

ધાનેરા તાલુકા સંધની ચુંટણી જાહેર થતાં ભારે રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો હતો.પરંતુ ધાનેરા તાલુકાના રાજકીય આગેવાનો દ્વારા તાલુકા ખરીદ વેચાણ સંધમાં ૧૨ બેઠકો માટે ચુંટણી ના થાય અને સર્વાનુમતે બોડી ચુંટાઈ આવે તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવતા તમામ બેઠકો બિનહરીફ કરવામાં આવતાં સંધ ઉપર પાડનારો આર્થિક બોજ પણ ઘટયો હતો. તાલુકા સંધના ચેરમેન તેમજ વાઈસ ચેરમેનની ચુંટણી તાલુકા સંધના સભાખંડમાં ધાનેરા નાયબ કલેકટરશ્રી વાય પી.ઠકકરની અધ્યક્ષતામાં યોજાતા ચેરમેન તરીકે હરદાભાઈ કસનાભાઈ પટેલ જડીયા અને વાઈસ ચેરમેન તરીકે જીવાભાઈ ગોકળાભાઈ દેસાઈની બિનહરીફ વરણી કરવામાં આવી હતી.



## ડીસામાં ફાયરિંગ કરનાર અસામાજીક તત્વના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર

**ફાયરિંગ કરી લોકોમાં ભયનો માહોલ પેદા કર્યો હતો**

ડીસા, તા. ૨૧

ડીસામાં મોડી રાત્રે ફાયરિંગની ઘટનાના પગલે પોલીસે ગણતરીના કલાકોમાં કુખ્યાત અસામાજીક તત્વ એવા કે. કે. લુહારને ઝડપી પાડયો હતો અને કોર્ટમાં રજુ કરવામાં આવતા કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મજૂર કર્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં સામાન્ય બોલાચાલીમાં એક યુવક પર ફાયરિંગ થતા ગોળી યુવકના પગમાં વાગી હતી. પગમાં ગોળી વાગતા અરવિંદસિંહ રાજપૂત નામનો યુવક ઈજાગ્રસ્ત થયો હતો. યુવક પર હુમલો કરનાર હુમલાખોર કે. કે. લુહાર અગાઉ અનેક ગંભીર ગુન્હાઓમાં સંડોવાયેલો હોઈ ઉત્તર પોલીસે ઝડપી પાડી જેલ હવાલે કર્યો હતો અને ગુરુવારે તાલુકા પોલીસ કોર્ટમાં રજુ કરતા કોર્ટ દ્વારા કે. કે. લુહારને ત્રણ દિવસના રિમાન્ડ મજૂર કર્યા હતા એમ પોલીસ દ્વારા જણાવ્યું હતું.

**વધુ ગુનાનો ભેદ ઉકેલાશે....**

ડીસા કોર્ટે કોરોના મહામારી વચ્ચે ફાયરિંગ કરી લોકોમાં ભય ફેલાવનાર કુખ્યાત ગુનેગાર એવા કે. કે. લુહારને ત્રણ દિવસના એટલે શનિવાર સુધીના રીમાંડ મજૂર કર્યા હતા.રીમાન્ડ દરમ્યાન વધુ ગુનાનો ભેદ પણ.ઉકેલાવાની શકયતા પોલીસે વ્યક્ત કરી હતી.

## જન્મદિને વધામણી



આશાબહેન વિપુલભાઈ પટેલ
સાલૈયા



જતીન ગિરી ગોસ્વામી
બાયડ



ડો. ચેતન પંચાલ
અમદાવાદ



સ્મિત શૈલેષભાઈ ભાટીયા
બાયડ



પ્રીતિબેન વિપુલભાઈ શાહ
સ્વામીનારાયણ સોસાયટી
વિભાગ-૨
બાયડ જિલ્લો અરવલ્લી

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**રક્તદાન મહાદાન**